મિશ્કા



વિકટર અમ્બ્રુસ

જયારે મિશ્કા આઠ વર્ષ નો હતો, ત્યારે એના દાદાજીએ એને માટે વાયોલિન બનાવ્યું. ટૂંક સમયમાં મિશ્કા વાયોલિન પર 'ધ બ્લૂ ડેન્યુબ' ની ધૂન એટલી સરસ વગાડવા લાગ્યો કે એ એનું ભાગ્ય અજમાવવા નીકળી પડયો.


મિશ્કાએ એક સર્કસ માં નોકરી વિષે પૂછપરછ કરી, પણ શો માં એક વાયોલિનવાદક ના વિચાર પર સૌ એની ઉપર હસ્યા. તો પણ, રીંગમાસ્ટરે મિશ્કા ને નાના-મોટા કામ કરવા હેલ્પર તરીકે રાખી લીધો - અને જોકે મિશ્કા ટ્રેપેઝ પર આવડત વગરનો હતો, અને ઘોડેસવારી માં એનાથી પણ ખરાબ હતો, પણ એક દિવસ મિશ્કાને દુનિયા ની સામે એનું વાયોલિન વગાડવાનો મોકો મળી ગયો!

મિશ્કા


વિકટર અમ્બ્રુસ



જ્યારે મિશ્કા આઠ વર્ષ નો હતો, ત્યારે દાદાજી એ એને માટે એક વાયોલિન બનાવ્યું અને એને 'ધ બ્લૂ ડેન્યુબ' વગાડતા શીખવાડયું.




મિશ્કાએ બે બકરી, ત્રણ મરઘી અને ચાર બતક સામે એ ધૂન વગાડી, પણ એટલા થોડા પ્રેક્ષકો થી એ જલ્દી કંટાળ્યો, અને પ્રસિદ્ધિ મેળવવા એ એના ઘરે થી નીકળી પડયો.




એ બહુ દૂર ગયો ન હતો જયારે એ એક સર્કસ પાસે પહોંચ્યો - હોફમેન્સ સર્કસ. "નિશ્ચિત રૂપ થી હું અહીં પ્રસિદ્ધિ મેળવી શકું છું!" મિશ્કા એ વિચાર્યું અને એ અંદર ગયો.

મિશ્કા રીંગમાસ્ટર પાસે ગયો અને એને પૂછ્યું કે એને એના શો માટે 'ધ બ્લૂ ડેન્યુબ' વગાડવાવાળા એક સારા વાયોલીનવાદક ની જરૂર હતી?

મિશ્કા ની વાત સાંભળી સર્કસ ના લોકો હસ્યા, પણ રીંગમાસ્ટરે કહ્યું કે એને નાના-મોટા કામ કરવાવાળા એક હેલ્પર ની જરૂરત હતી.



"કંઈ નહીં એના કરતા તો આ સારું છે," મિશ્કાએ વિચાર્યું. અને રીંગમાસ્ટરે એને જે પહેલું કામ સોંપ્યું એ હતું હાથીઓના છાણમૂત્ર સાફ કરવાનું.



જયારે એણે હાથીઓના
છાણમૂત્ર સાફ કરી લીધા,
ત્યારે રાવીઓલી બ્રધર્સે એને
ટ્રેપેઝે પર ઉઠાવ્યો, અને થોડી
કસરત માટે એને અહીં-તહીં
ઉછાળ્યો.







એ પછી એણે કર્નલ ગોલાશ ની મદદ કરી, જે એના સિંહો નો સામનો નહોતો કરી શકતો. સિંહ એના ગણવેશ માંથી ચીથરા ફાડી રહ્યા હતા અને એને ગાંઠતા ન હતા.

મિશ્કા એ એને માટે 'ધ બ્લૂ ડેન્યુબ' ની ધૂન વગાડી અને એ બહુ સરસ રીતે શાંત થઈ ગયા.







પછી બંને ઘોડેસવારો એ મિશ્કા ને ઘોડા પર ચઢાવવાની કોશિશ કરી, પણ એ બીમાર થઈ ગયો, અને એણે જલ્દી ઉતરવાની કોશિશ કરી.



પછી રીંગમાસ્ટર મિશ્કા ને રંગલા ની મદદ કરવા લઈ ગયો.
રંગલા એ એની ઉપર પાણી ની બાલદીઓ ફેંકી - પણ મિશ્કા ને એ
મનોરંજક ન લાગ્યું.

રનિંગ વોટર નામના ઇન્ડિયને ચાકૂ ફેંકવાના અભ્યાસ માટે એનો ઉપયોગ કર્યો- પણ મિશ્કા એને માટે ખોટા આકાર નો સાબિત થયો. પછી મિશ્કા ને ભુરા રીંછ ને નવડાવવાનું - અને સમુદ્ર સિંહ ને માછલી ખવડાવવાનું કામ પણ કરવાનું હતું.

મિશ્કા ને લાગ્યું કે એવા નાના-મોટા કામ થી એ ક્યારેય પ્રસિદ્ધ નહીં થાય.


પછી, એક દિવસ, હાથી ના તાલીમદાતા ને શરદી થઈ ગઈ અને મિશ્કા એ એની જગ્યાએ કામ કરવાનો પ્રસ્તાવ મુક્યો.











મિશ્કા, મિસ્ટર હોફમેનનો સૌથી મોટો હાથી બહાર લાવ્યો, એના માથા પર ચઢીને ઊંધો ઉભો રહ્યો, અને વાયોલિન પર 'ધ બ્લૂ ડેન્યુબ' ની ધૂન વગાડી.


મિશ્કા ને સાંભળી ને લોકો પાગલ થઈ ગયા. એમણે હર્ષોલ્લાસ કર્યો અને તાળીઓ પાડી. રીંગમાસ્ટર એક ખૂણામાં ભવાં ચઢાવતો ઉભો રહ્યો.

મિશ્કા સર્કસ નો સિતારો બન્યો, અને લોકો હાથીના માથા પર એને 'ધ બ્લૂ ડેન્યુબ' ની ધૂન વગાડતો સાંભળવા ઉમટી પડયા.



મિસ્ટર હોફમેન ટિકિટ વેચવામાં વ્યસ્ત થઈ ગયા. એ એટલા પૈસા કમાયા કે એમણે એનાથી પણ મોટો હાથી ખરીદવાનો નિર્ણય કર્યો.

હવે મિશ્કા બહુ વ્યસ્ત થઈ ગયો હતો અને એના સંગીત માટે બહુ પ્રસિદ્ધ થઈ ગયો હતો, એટલે રીંગમાસ્ટર ને પોતે હાથીઓના છાણમૂત્ર સાફ કરવા પડયા.



"કોઈએ તો એ કરવાનું જ છે!" મિશ્કા એ કહ્યું. અને ત્યારબાદ એ એક નવા ગીત 'ધ રેડેટ્સ્કી માર્ચ' નો અભ્યાસ કરવા લાગ્યો.